જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૯/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-    સમાચાર યાદી નં.૧૭૩૨/૧૮

# મોબાઇલ ચોરીના ચાર ગુનાનો ભેદ ઉકેલતી ખોખરા પોલીસ

મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઈ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબંધી ગુન્હા શોધી કાઢવા આપેલ સુચના આધારે તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી. બી.જે.ઝાલા ખોખરા પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.શ્રી. જી.કે.ચાવડા તથા સર્વે સ્કોડના સ્ટાફના માણસો મ.સબ.ઈન્સ ઉકાભાઇ કાનભાઇ બ.નં.૪૭૪૯ તથા હે.કો. દીનેશચન્દ્ર મનોજભાઈ બનં-૮૨૬૭ તથા હે.કો.બટુકસીહ કાભઇભાઇ બનં-૩૦૪૪ તથા હેડ.કોન્સ ચંદુભાઇ હરજીભાઇ બ.નં.૩૯૨૧ તથા પો.કો.નરેન્દ્રભાઇ ડાહ્યાભાઇ બ.નં.૩૬૪૯ પો.કો.ખુમદેવસિંહ નરહરસિંહ બ.નં.-૧૦૧૩૩ તથા પો.કો.નરોમંત વનરાજ બનં-૭૩૭૪ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે ખોખરા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન તા.૦૬/૯/૨૦૧૮ ના કલાક ૨૧/.૦૦ વાગે સેવન ડે સ્કુલ પાસે ગુરૂજી બ્રીજના છેડા પાસે આવતા અમોને ખાનગી બાતમીદારથી મળેલ બાતમી હકીકત આધારે આરોપી સહેજાદ સલીમભાઇ શેખ ઉ.વ.૩૧ ધંધો-મજુરીકામ રહે-મ.નં.૪૪ ખ્વાજાનગર કેનાલ પાસે કૌસરબાગ સોસાયટી પાછળ વટવા અમદાવાદ શહેર નાને આજરોજ તા.૦૬/૯/૨૦૧૮ ના કલાક ૨૨/૩૦ વાગે ચોરીના મોબાઇલ ફોન નંગ-૪ કિં.રૂપિયા ૧૮,૦૦૦/- ની મત્તા સાથે પકડી નીચેના ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે.

| | |
|---|---|
| ૧ | ખોખરા પો.સ્ટે ફ.ગુ.ર.નં.૮૪/૨૦૧૮ ઇપીકો કલમ.૩૮૦ |
| ૨ | દરીયાપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં.૪૨/૨૦૧૮ ઇપીકો કલમ.૩૭૯ |
| 3 | કાગડાપીઠ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૫૪/૨૦૧૮ ઇપીકો કલમ.૩૭૯ |
| ૪ | રખિયાલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૬૪/૨૦૧૮ ઇપીકો કલમ.૩૭૯ |

## આનંદનગર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એન"ડીવીજન નાઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર આનંદનગર પોલીસ સ્ટેશન નાઓની રાહબરી હેઠળ અમદાવાદ શહેર તથા આજુબાજુ વિસ્તારમાંથી ગુનાહીત પ્રવૂતી નેશ નાબુદ કરવાની ઝુબેશ હેઠળ આનંદનગર પોલીસ સ્ટેશન (૧) ફ.ગુ.ર.નં. ૬૬/૧૮ ઇપીકો કલમ ૩૦૭ વિ. તથા (૨) આનંદનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૭૧/૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૪ વિ. મુજબના કામનો આરોપી ભારત ઉર્ફે ભુરો સંજયભાઇ જોશી ઉ.વ.૨૧ ધધો-નોકરી રહે-પાંચભાઇનો વાસ વેજલપુર આરોગ્ય કેન્દ્ર સામે વેજલપુર ગામ અમદાવાદ શહેર મુળ રહે-ગામ-મીઠાખળી તા-સીટી જી-અમદાવાદ જાહેર વ્યવસ્થા વિરુધ્ધના કૃત્યો કરતો હોય તેને આમ કરતો અટકાવવા સારૂ પો.ઇન્સ શ્રી એસ.જે.બલોચ આનંદનગર પો.સ્ટેશન નાઓની રાહબરી અને સુચના હેઠળ (૧) હે.કો વસંતસિંહ સોમસિંહ બ.ન.૭૭૧૭ (૨) પો.કો હરિસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ (૩) શ્રધ્ધાબેન ગાંડાભાઇ બ.ન.૧૦૮૩૦ નાઓએ આરોપી વિરૂધ્ધના ગુનાઓ તથા તે સલંગ્ન માહીતી એકત્રીત કરી તેની વિરુધ્ધ ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા બાબતના અધિનિયમ (પાસા) ની કલમ ૩(૧) મુજબ અટકાયતમાં લેવા સારુ દરખાસ્ત ભરી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી નાઓએ હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૮૨૬/૨૦૧૮ તા.૦૬/૦૯/૨૦૧૮ થી અટકાયતમાં લેવા સારુ હુકમ કરેલ હોય અને સદરી આરોપી જેથી સદરી અટકાયતીને ખાનગી બાતમી આધારે પો.ઇન્સ શ્રી આનંદનગર પો.સ્ટે નાઓની સુચનાથી (૧) પો.કો શૈલેષભાઇ મોહનભાઇ બ.ન.૪૫૫૯ (૨) પો.કો વિજયભાઇ મગનભાઇ બ.ન.૩૯૭૬ (૩) કિરીટભાઇ જેરામભાઇ બ.ન.૫૪૨૯ નાઓ પકડી લાવી પો.કમિ શ્રી ના હુકમ આધારે સદરીને તા.૦૬.૦૯.૧૮ ના રોજ પકડી કલાક ૨૦/૧૫ વાગે સદર હુકમની બજવણી કરી કેદ રહેવા સારુ ભુજ જેલ ખાતે મોકલી જે બદલની પ્રસન્નીય કામગીરી કરેલ છે તા-૦૬/૦૮/૨૦૧૮

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં.ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૦૮/૨૦૧૮ તા.૦૪.૦૫.૨૦૧૮ ના પાસા અટકાયતી અજય ઉર્ફે બાબો સ/ઓ વિનોદભાઇ જાતે ઘાંધુ (મારવાડી) ઉ.વ.૨૨ રહે. ૮/૧૭૦ પતરાવાળી ચાલી, ન્યુ સ્લમ કવાટર્સ, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર શહેર ના વિરુધ્ધ(૧)મેઘાણીનગર પો.સ્ટે. ફ.ગુ.ર. નં.૬૫/૧૫ ઇપીકો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૨)ફ.ગુ.ર.નં.૧૬૩/૧૭ ઇપીકો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૩) મેઘાણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૬૬/૧૭ ઇપીકો કલમ ૩૦૭, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા મુજબના દાખલ થયેલ મારામારીના ગુનામાં આરોપી વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરે નાઓએ પાસા હુકમ કરેલ જે આરોપીને આજરોજ હસ્તગત કરી આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ મધ્યસ્થ જેલ જામનગર ખાતે મોકલી આપેલ છે.તા.૦૬.૦૯.૨૦૧૮

## વેજલપુર પોલીસ સ્ટેશન

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવુતી અટકાવવા સારુ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી પટેલ નાઓ તથા માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સંબંધી ગુનામા સંડોવાયેલ સરફરાજ ઉર્ફે પલપલ આરીફભાઈ શેખ ઉ.વ.૨૯ રહે: બી/૧૩, અંજુમ કોલોની, યશ કોમ્પલેક્ષની પાછળ, એકતા મેદાનની બાજુમાં, જુહાપુરા, અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમા પ્રોહીબીશનના ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક:- પીસીબી/ડીટીએન/પાસા/૮૨૯/૧૮ તા.૦૬/૦૯/૨૦૧૮ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૦૬/૦૯/૨૦૧૮ ના ક્લાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે પાસા અટકાયતીને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૦૬/૦૯/૨૦૧૮

## *ઈંગ્લીશ દારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ.*

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંઘ.સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ.પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન શ્રી ડી.એચ.ચૌહાણ સા.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ પો.સ.ઈ એ.ડી.ભટ્ટ તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના અ.હેડ.કોન્સ દિલીપસિંહ કિશોરસિંહ બ.નં-૭૫૮૯ તથા પો.કો.પંકજભાઇ નારાયણભાઇ બ.નં.૧૦૧૯૦ તથા લો.ર રાજુભાઇ રાહાભાઇ બ.નં.૧૦૫૮ તથા લો.ર.જયેશભાઇ પાલાભાઇ બ.નં.૧૩૮૦ તથા લો.ર યશપાલસિંહ લાખુભા બ.નં.૫૪૧ નાઓ સાથે ઓઢવ પો સ્ટેશન વિસ્તારમાં ના.રા પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા તા.૦૬/૦૯/૧૮ ના દરમ્યાન ફરતા ફરતા કલાક.૦૧/૦૦ વાગે સીએમસી વેરા પાસે આવતા સાથેના લો.ર રાજુભાઇ રાહાભાઇ. બ.નં.૧૦૫૮ તથા લો.ર.જયેશભાઇ પાલાભાઇ બ.નં.૧૩૮૦ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે "તા.૦૬/૦૯/૨૦૧૮ ના કલાક.૦૨/૦૦ વાગે રમેશ ઉર્ફે સાંઇ સ/ઓ કમલેશભાઇ રીજુમલ જાતે.ગોલાણીનાનો એક ગ્રાન્ડ આઇ-૧૦ સ્પોર્ટસ ફોર વ્હીલ ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ક્વાટર(બોટલ)નંગ-૫૨૮ કિ.રૂ.૭૯,૨૦૦/-તથા ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ-૨૪ કિ.રૂ.૧૪.૪૦૦/-તથા એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦/-તથા આઈ-૧૦ ફોર વ્હીલ ગાડી જેની કિ.રૂ.૪,૫૦,૦૦૦/- મળી તમામની કુલ્લે રૂ.૫,૪૪,૧૦૦/- ના મત્તાનો મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ ગયેલ હોય તેમજ નહી પકડાયેલ આઈ-૧૦ ફોર વ્હીલ કારના કબ્જેદાર વિરૂધ્ધમાં ધી પ્રોહી કલમ.૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(બી),૮૧,૯૮(૨) કાયદેસર કેસ કરી કાર્યવાહી કરવામાં આવેલ છે. કેસની તપાસ હાલમાં ચાલુ છે.તા.૦૬/૦૯/૧૮.

# ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી ખોખરા પોલીસ

મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-પ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઈ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબંધી ગુન્હા શોધી કાઢવા આપેલ સુચના આધારે તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી. બી.જે.ઝાલા ખોખરા પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. સર્વે સ્કોડના પો.સબ.ઈન્સ.શ્રી. જી.કે.ચાવડા તથા સર્વે સ્કોડના માણસોએ ખોખરા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૮૫/૨૦૧૮ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦.૧૧૪ મુજબના ગુનાના કામે ચોરીમા ગયેલ રોકડ નાણા રૂપિયા ૨૦,૦૦૦/-ની તપાસ દરમ્યાન ગુનાનો ભેદ ઉકેલી આ કામના આરોપીઓ નં.(૧) સોહીલ સ/ઓ યુસુફખાન પઠાણ ઉ.વ.૧૯ રહે-મ.નં.૪૯ વાઘજીભાઇની ચાલી પાવર હાઉસ પાસે ઢોર બજાર દાણીલીમડા અમદાવાદ શહેર તથા નં.(૨) ફૈઝમોહમદ સ/ઓ શેરમંહમદ નુરમહમદ જાતે મેવ ઉ.વ.૨૦ રહે.મ.નં.૧૧ વાઘજીભાઇની ચાલી પાવર હાઉસ પાસે ઢોર બજાર દાણીલીમડા અમદાવાદ નાઓને તા.૦૬/૯/૨૦૧૮ ના કલાક ૧૦/૦૦ વાગે અટક કરી ચોરીએ ગયેલ રૂપિયા પૈકિ રૂપિયા ૮૦૦૦/- રીકવર કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.